**ફો. કે. નં. ૪૧૧૯૪/૨૦૧૮**

**આંક– ૧ લગત હુકમ ::–**

---

(૧.૦) ધી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ– ૧૩૮ મુજબના ગુન્હા અંગેની આ ફરીયાદનુ કામ આરોપીને પ્રોસેસ બજવણી થવા માટે પેન્ડીંગ છે. રેકર્ડ જોવામાં આવે તો આરોપીને પ્રોસેસ કરેલ છે પરંતુ તેની ધોરણસર બજવણી શકય બનેલ નથી. આ સબંધે ફરીયાદી ને નોટીસ કરવામાં આવેલ, જે આધારે અગાઉ ની મુદતે ફરીયાદી હાજર થયેલ અને સરનામુ રજુ કરવા મુદત માંગેલ, પરંતુ આજરોજ ફરીયાદી તરફે કોઈ રજુઆત આવેલ નથી, કે આરોપી નુ કોઈ સરનામુ રજુ કરવામાં આવેલ નથી.

(૨.૦) આજરોજ કામ બોર્ડ પર છે, કોર્ટ સમય સુધી રાહ જોયેલ છે છતાં ફરીયાદી તરફે કોઈ હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ કે રજુઆત આવેલ નથી. એ રીતે ફરીયાદી સદર કામ આગળ ચલાવવામાં જરુરી દરકાર લેતા ન હોય તે બાબત સાથે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ– ૨૫૬ ની જોગવાઈ ધ્યાને લઈ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. સદર ફરીયાદનુ કામ ફરીયાદીની કસુરના કારણે કાઢી નાખવાનો / રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીને છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

૩. હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ

તા. ૧૩/૧૧/૨૦૨૫ દશરથસિંહ જાલમસિંહ પરમાર

૨૧માં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

અમદાવાદ શહેર (સ્પે. નેગો. કોર્ટ નં. ૪૮)

જી. જે. ૦૧૧૭૧